
સહાયની સાચી સરવાણી...

# સરદાર કલ્પરથ

સરદાર કલ્પિત ભારત નિર્માણનો પ્રયાસ



સરદાર વલ્લભભાઈ પટેલની મક્કમતા અને સમાજ માટે કાર્ય કરવાની કર્તવ્યનિષ્ઠાને પાયામાં લઈને, તક વંચિતોને નિઃસ્વાર્થ સહાય પૂરી પાડવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે, સમાજના જરૂરિયાતમંદ પરિવારોની સહાય કરવા માટે સરદાર કલ્પરથ રચાયું છે.



## સરદાર કલ્પરથ

એક કલ્પવૃક્ષની જેમ જ સરદાર કલ્પરથનો પણ સંકલ્પ છે કે વૃક્ષ જેવી નમ્રતાથી, કોઇપણ જાતની અપેક્ષા વગર, જરૂરીયાતમંદોની જરૂરીયાત સમજીને, તેમની પાસે જઇને, તેનું સન્માન અને ગરિમા સાચવીને, પરિવારોની પડખે ઊભા રહીને યોગ્ય સ્વરૂપે મદદરૂપ થવું.

સમાજનો એવો સ્વમાની અને જરૂરીયાતમંદ વર્ગ, કે જે મદદ માટે કોઇની પાસે હાથ લાંબો કરવા તૈયાર નથી, તેવા ખમીરવંતી માનસિકતા ધરાવતાં પરિવારો માટે યોગ્ય સ્વરૂપે હૂંફ સાથે મદદરૂપ થવાની વિચારધારા સાથે વર્ષ ૨૦૧૦ માં સરદાર કલ્પરથની સ્થાપના કરવામાં આવી.

### સરદાર કલ્પરથ શા માટે ?

દેશને આઝાદી મળ્યા બાદ થયેલા ઉત્તરોત્તર વિકાસને પરિણામે દેશમાં વિકાસ માટે યોગ્ય ઇન્ફ્રાસ્ટ્રકચર તો ઊભું થયું જ છે... ઉચ્ચ ગુણવત્તાવાળી સ્કૂલ્સ, કૉલેજિસ, હૉસ્પિટલ્સ તો તૈયાર છે... પણ આ માળખાનો યોગ્ય ઉપયોગ કરવા માટે ઘણા લોકોની આર્થિક ક્ષમતા અપૂરતી છે. આવા અક્ષમ પરિવારોના તેજસ્વી વિધાર્થીઓ પોતાના પરિવારની આર્થિક પરિસ્થિતિને કારણે વિદ્યાભ્યાસથી વંચિત ન રહી જાય, તેઓના સપનાઓ સફળતા સુધી પહોંચતાં પહેલાં જ રોળાઈ ન જાય અને તેઓનો પરિવાર નિરાશાના અંધકારમાં ધકેલાઈ ન જાય તે માટે સરદાર કલ્પરથ તેઓ સુધી પહોંચાડે છે આશા અને વિશ્વાસનું એવું કિરણ કે જે તેઓને એક નવી રાહ, એક નવી મંજિલ સુધી લઈ જાય.

સરદાર કલ્પરથના મુખ્ય ધ્યેય:

- સમાજના સક્ષમ પરિવારોને તકવંચિત પરિવારો સાથે જોડીને તેઓને સીધી સહાય પૂરી પાડવી...
- તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણ માટે ફી અને અન્ય સાધન સહાયની પૂર્તિ કરવી...
- સમાજની અસહાય વિધવા બહેનો માટે રોજગારીની તકો તેમજ તેમના બાળકોની શિક્ષણની જવાબદારી ઉઠાવવી...

## સરદાર કલ્પરથ દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલા કાર્યો

સમાજના જરૂરિયાતમંદ પરિવારોને ધ્યાનમાં રાખીને સંસ્થાએ વર્ષ ૨૦૧૦થી ધોરણ ૧૦ માં ૮૫% થી વધુ ગુણ મેળવનાર અને નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતાં કુટુંબોના બાળકોને શિક્ષણ માટે સહાય આપવાનું પવિત્ર કાર્ય શરૂ કર્યું. પ્રથમ વર્ષે જ કુલ ૩૫ થી વધુ વિદ્યાર્થીઓને ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં નામાંકિત સ્કૂલમાં શિક્ષણ આપવા માટે સરદાર કલ્પરથ દ્વારા સીધી સહાય પૂરી પાડવામાં આવી.

કહેવાય છે કે સત્કાર્યોની સુવાસને પ્રસરતા વાર નથી લાગતી... બસ, આ જ રીતે સમયની સાથે સરદાર કલ્પરથની સહાયની સરવાણી પણ વધુ ને વધુ પરિવારો સુધી પહોંચવા લાગી અને આજ સુધીમાં સંસ્થા ૫૦૦૦થી પણ વધુ પરિવારોના જીવનને સુગમ બનવામાં મદદરૂપ થયેલ છે.

## સરદાર કલ્પરથની કાર્ય-વ્યવસ્થા

### શિક્ષણ સહાયઃ

સરદાર કલ્પરથના કાર્યરત સ્વયંસેવકો આર્થિક સંકડામણ અનુભવતા કુટુંબોના તેજસ્વી વિદ્યાર્થીઓની શોધ કરે છે અને તેમના પરિવારની સંપૂર્ણ માહિતી સંસ્થા સુધી પહોંચાડે છે. સંસ્થા દ્વારા આવા પરિવારોની સહાય માટે દાતાશ્રીઓનો સંપર્ક કરવામાં આવે છે. સંસ્થા સાથે સંકળાયેલા દાતાશ્રીઓ આવા વિદ્યાર્થીઓની શિક્ષણને લગતી વિવિધ જરૂરિયાતો જેવી કે શાળાની ફી, ગણવેશ, પુસ્તકો વગેરે પૂર્ણ કરવા માટે આર્થિક મદદ પૂરી પાડે છે. કોઈપણ જરૂરીયાતમંદ વિદ્યાર્થી પોતાના કુટુંબની આર્થિક સંકડામણના કારણે ઉજ્જવળ ભવિષ્યથી વંચિત ન રહી જાય તે માટે સરદાર કલ્પરથ સતત પ્રયત્નશીલ રહે છે. એક શિક્ષિત વિદ્યાર્થી થકી તેના સમગ્ર કુટુંબનું ભવિષ્ય ઊજળું બનશે તેવા વિશ્વાસ સાથે સરદાર કલ્પરથ શિક્ષણના ક્ષેત્રમાં મહત્તમ યોગદાન આપે છે.

### વિધવા સહાયઃ

પતિના અવસાન બાદ પોતાના કપરા કાળમાં ક્યારેય કોઈ પાસે હાથ લાંબો ન કરનારી સ્ત્રીઓને સરદાર કલ્પરથ સલામ કરે છે અને આવી બહેનોને સહાયરૂપ થવા માટે સદાય પ્રયત્નશીલ રહે છે. મહિલાઓને પોતાની આવડત અને ક્ષમતા મુજબ રોજગારીની તાલીમ અને તકો પૂરી પાડવી, તેઓના સંતાનોને શિક્ષણ માટેની તમામ સહાય પૂરી પાડવી તેમજ તેમના પરિવારને મહત્તમ આર્થિક સહાય આપવાનું આયોજન સરદાર કલ્પરથ દ્વારા કરવામાં આવે છે.

### કાર્યપ્રણાલીઃ

સરદાર કલ્પરથમાં કોઈ નિશ્ચિત હોદ્દાઓ, પદવીઓ કે જવાબદારીઓનું માળખું નથી. સરદાર કલ્પરથ ફક્ત  સંસ્થા નહિ, એક વ્યવસ્થા છે જેને ભૌતિકતાની સીમાઓથી પર, પ્રત્યેક સંવેદનશીલ વ્યક્તિના માનસમાં જીવંત રાખવા માટે અમે પ્રયત્નશીલ છીએ. અહીં પ્રત્યેક કાર્યકર નિઃસ્વાર્થપણે અને જવાબદારીપૂર્વક કાર્ય કરે છે અને તકવંચિત પરિવારોને યોગ્ય રીતે મદદરૂપ થવા શક્ય તેટલાં પ્રયત્નો કરે છે.

## સરદાર કલ્પરથના સહયોગી બનો

ફક્ત સમાજ-વ્યવસ્થાનો ઉપહાસ કે પરિવર્તન લાવવાનો પ્રયાસ?
સ્વ-કેન્દ્રી જીવનની અનુભૂતિ કે જરૂરિયાતમંદ વર્ગ પ્રત્યે સહાનુભૂતિ?

### દાતાશ્રી તરીકે

માનવ ધર્મ – શ્રેષ્ઠ ધર્મ
મંદિરો અને ધાર્મિક કાર્યોમાં આપણે ચોક્કસ દાન કરીએ છીએ... તો સાથે સાથે માનવ ધર્મના કર્મને પણ અગ્રીમતા કેમ ન આપીએ?

જેઓને ધાર્મિક કે સામાજિક પરિસરોમાં મૂકાતી પોતાના નામની તકતીની અપેક્ષા નથી...
જેઓને સંસ્થાઓમાં મળતાં મોટા હોદ્દાઓની અભિલાષા નથી...
જેઓને લાભાર્થી પરિવારની આંખોમાં ઋણી ભાવ જોવાની કામના નથી...

અને જેઓ ફક્ત માનવ ધર્મને અનુસરીને પોતાના બંધુઓને એક જીવવા યોગ્ય જીવનની ભેટ ધરવા ઈચ્છે છે...તેવા દાતાશ્રીઓ સરદાર કલ્પરથની કરોડરજ્જુ છે. આવા દાતાશ્રીઓ થકી જ સરદાર કલ્પરથની અનેકવિધ પ્રવૃત્તિઓ શક્ય બને છે અને અનેક લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે છે.
આપ પણ આવા જ એક દાતાશ્રી તરીકે સરદાર કલ્પરથ સાથે જોડાઈ શકો છો અને અનેક જરૂરિયાતમંદ પરિવારોમાં ખુશીઓનો દીપ પ્રગટાવી શકો છો.

### કાર્યકર તરીકે

શું તમે પોતાના વ્યસ્ત જીવનમાંથી થોડો સમય ફાળવી આત્મ સંતોષ મળે તેવું કાર્ય કરવા માંગો છો?
શું તમે સમાજમાં એક સકારાત્મક પરિવર્તન લાવવા માંગો છો?
શું તમે રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી નિભાવીને એક સાચા નાગરિક બનવા માંગો છો?

સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓની શોધ કરતાં અને ખરા અર્થમાં સહાયને પાત્ર પરિવારોને સ્વયં મળીને તેમની સમસ્યાઓને સમજતા સ્વયંસેવકો હોય કે પછી આ લાભાર્થીઓ અને દાતાશ્રીઓ વચ્ચેના સેતુ સમા સરદાર કલ્પરથના કાર્યકરો હોય, સરદાર કલ્પરથ સાથે જોડાયેલ પ્રત્યેક વ્યક્તિ ખરા અર્થમાં સેવાનો ભેખ ધારેલા સરદારથી કમ નથી. નિઃસ્વાર્થપણે પરિશ્રમ કરીને, ફક્ત આત્મસંતોષ અને સમગ્ર સમાજના ઉત્થાન માટે કાર્ય કરતાં આ કર્મયોગીઓનો પરિવાર દિવસે દિવસે વિસ્તરી રહ્યો છે અને વધુ ને વધુ લોકો સુધી સરદાર કલ્પરથની વિચારધારાને પહોંચાડી રહ્યો છે.

આપ પણ સરદાર કલ્પરથ સાથે જોડાઈને આ મહાયજ્ઞમાં આપનું યોગદાન આપી શકો છો.

## વિદ્યાર્થી દત્તક યોજના

ફક્ત શાળા કે કૉલેજની ફી ન ભરી શકવાની મજબૂરીના કારણે કોઈ તેજસ્વી વિદ્યાર્થીનું સફળતાનું સપનું અધૂરું ન રહી જાય તે માટે સરદાર કલ્પરથે શરૂ કરી છે વિદ્યાર્થી દત્તક યોજના. આ યોજના અંતર્ગત એક દાતાશ્રી એક વિદ્યાર્થીને શિક્ષણની દ્રષ્ટિએ દત્તક લે છે અને તેની શાળા કે કૉલેજની ફીની જવાબદારી ઉપાડે છે. ફક્ત રૂા. ૨૫૦૦૦/-ની વાર્ષિક સહાયથી એક તકવંચિત તેજસ્વી વિદ્યાર્થીને પોતાની ઉજ્જવળ કારકિર્દી તરફ જવાનો માર્ગ મળી શકે છે. આ યોજનાનો લાભ મહત્તમ વિદ્યાર્થીઓ મેળવી શકે તેવી સરદાર કલ્પરથની તમામ નાગરિકોને અપીલ છે.

**નોંધ : વિદ્યાર્થી દત્તક યોજનાની સમય મર્યાદા ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર સુધીની રહેશે.**

**આ સંસ્થા ઇન્કમટેક્ષની કલમ ૮૦(જી) હેઠળ રજીસ્ટર્ડ હોવાથી દાનની રકમના ૫૦% ઇન્કમટેક્ષમાં રાહત મળશે.**

## સરદાર કલ્પરથની વિવિધ પ્રવૃતિઓની તસ્વીરી ઝલક



















ગુજરાત ક્ષત્રિય સભા













## સરદાર કલ્પરથના લાભાર્થીઓ



મારા દીકરા અને વહુના અવસાન પછી હું અને મારી પૌત્રી જીયા તદ્દન અસહાય પરિસ્થિતિમાં જીવતા હતા. જીયા ભણવામાં ખૂબ હોંશિયાર, પણ તેના ભણવાની અને ઘરની બીજી બધી જ જરૂરિયાતો માટે અમારે કોઈની સહાય પર નિર્ભર રહેવું પડતું હતું. આવા સમયમાં અમે સરદાર કલ્પરથ વિશે જાણ્યું અને સંસ્થાને સહાય માટે અરજી કરતાં તેઓએ અમને ફી માટે તેમજ જીવન-નિર્વાહ માટે તમામ સહાય કરી.

- સુલોચનાબેન પટેલ, વહેલાલ

---



મારા પિતાના અવસાન પછી મારું ભણતર ચાલુ રહે તે માટે મારી મમ્મીએ આસપાસના ઘરમાં કામ કરીને પણ મારી ફી ભરી અને મને એન્જિનિયરિંગમાં એડમિશન પણ મળ્યું. પણ એન્જિનિયરિંગની ફી ખૂબ વધારે હોવાથી મારા ભણતર સામે પ્રશ્ન ઊભો થયો અને એવામાં સરદાર કલ્પરથે મારી  ફીની સહાય કરી જેથી હું આગળ ભણી શક્યો.

- જીમ્મી પટેલ, અમદાવાદ

---



હું સીએનો અભ્યાસ કરી રહ્યો છું. મારી માતા વિધવા છે. મારી કારકિર્દી રોળાય નહિ તે માટે ગામડે ખેતરમાં મજૂરીકામ કરીને તેમણે મને ભણાવ્યો છે. પણ સીએની ફી અને હૉસ્ટેલનો ખર્ચ ખૂબ વધારે હોવાથી મેં ભણતર છોડી દેવાનો નિર્ણય કરી લીધો હતો. તેવામાં જ કોઈએ મને સરદાર કલ્પરથની સહાય લેવાનું જણાવ્યું અને આજે તેઓની સહાયથી જ હું આગળ ભણી રહ્યો છું.

-  સંદિપ સાવલિયા, બોટાદ

---



મારો દીકરા હર્ષને ધોરણ ૧૦માં ૮૭ % માર્કસ આવ્યા હતા પરંતુ મારી આર્થિક પરિસ્થિતિના કારણે હું તેને આગળ ભણાવી શકું તેમ ન હતું. સરદાર કલ્પરથે મારા દીકરાના ભવિષ્યનો વિચાર કરીને તેના ભણતરની જવાબદારી ઉપાડી લીધી અને આજે તેમના કારણે જ મારો દીકરો આજે સારી શાળામાં ભણી રહ્યો છે.

- પંડ્યા રજનીકાંત, અમદાવાદ

## સરદાર કલ્પરથના લાભાર્થીઓ



હું દેસાઈ હરગોવિંદભાઈ, સિક્યોરિટીમાં નોકરી કરૂ છું. મારો દીકરો વિશાલ એન્જિનિયરિંગમાં ભણે છે અને ભણવામાં ખૂબ આગળ છે. મને તેની ફી ભરવા માટે નાણાકીય સહાયની જરૂર હતી પણ ફી વધારે હોવાથી કોઈ સહાય આપવા તૈયાર થતું ન હતું. તેવામાં સરદાર કલ્પરથે તેની ફી ભરી જેથી તેને આગળ ભણવાની હિંમત મળી.

- દેસાઈ હરગોવિંદભાઈ, અમદાવાદ

---



હું અત્યારે કૉલેજમાં ભણું છું.મારા પિતા છેલ્લાં ૧૬ વર્ષથી જેલમાં છે અને માતા ખેતી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. મારી શાળાની ફી સરદાર કલ્પરથ દ્વારા ભરવામાં આવે છે અને હું સંસ્થાની આભારી છું કે તેઓએ મારા જેવા વિદ્યાર્થીના સપના પૂરા કરવામાં મદદ કરે છે.

- પટેલ ધારા, મહેસાણા

---



મારા માતા-પિતાએ ઘણી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરીને મને ભણાવ્યો છે. હું સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ભણું છું અને મેં ૧૦મા ધોરણમાં ૯૧% માર્કસ મેળવ્યાં છે. મને આગળ ભણવા માટે સરદાર કલ્પરથની મદદ મળી છે અને મેં પણ ખૂબ ભણીને સફળ થઈને આ સંસ્થાની જેમ જ સમાજના બીજા વિદ્યાર્થીઓને મદદ કરવાનો સંકલ્પ કર્યો છે.

- પટેલ ઉદય, અમદાવાદ

---



હું દેવલ ધર્મિષ્ઠાબેન. મારી બંને કીડની ફેઈલ છે. મારે બે દીકરી અને એક દીકરો છે. દીકરો માનસિક રીતે બીમાર છે. બંને દીકરીઓ ભણવામાં ખૂબ જ હોંશિયાર છે. અમારી પાસે અમારું પોતાનું ઘર પણ નથી. આવામાં બંને દીકરીઓને ભણાવવી મારા માટે ખૂબ અઘરું હતું. પણ સરદાર કલ્પરથની સહાયથી મારી દીકરીઓ આજે ભણી રહી છે અને આગળ પણ ભણી શકશે.

- દેવલ ધર્મિષ્ઠાબેન, ગાંધીનગર

## સરદાર કલ્પરથના લાભાર્થીઓ

હું એમ.બી.બી.એસ. માં અભ્યાસ કરૂં છું. મારા પિતાના અવસાન પછી મારી મમ્મીએ ખેતીનું કામ કરીને મને ભણાવ્યો છે. મારી એમ.બી.બી.એસ. ની ફી સરદાર કલ્પરથ દ્વારા ભરવામાં આવે છે જેથી હું ભણી શકું છું અને આગળ જતાં ડૉક્ટર બનીને સમાજની સેવા કરવાનું મારું સપનું છે.

- પટેલ રોહન, પાટણ

---

મેં મારો એમ.બી.બી.એસ. નો અભ્યાસ સરદાર કલ્પરથની સહાયથી પૂર્ણ કર્યો છે અને મેં ગુજરાતમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. મારા પિતા ગામડે ખેતી કરે છે અને તેમની વાર્ષિક આવક લગભગ ૪૦,૦૦૦ જેટલી જ છે. આટલી આવકમાં મેડિકલની ફી ભરવી શક્ય જ ન હતી. મારું ડૉક્ટર બનવાનું સપનું ફક્ત સરદાર કલ્પરથની સહાયથી જ પૂર્ણ થયું છે.

- તારપરા ઉર્વિશા, જૂનાગઢ

## સરદાર કલ્પરથ દ્વારા સહાયની સરવાણી...

**૨૦૦૦+**

ઈજનેરી, ફાર્મસી, મેડીકલના
વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય

**૧૮૦૦+**

શાળામાં અભ્યાસ કરતાં
વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય

**૧૦૦૦+**

વિધવા બહેનોને
આર્થિક સહાય

**૧૦૦+**

પરિવારોને આરોગ્ય
માટે આર્થિક સહાય

**૧૦૦+**

નિ:સહાય વયસ્ક
દંપતિઓને આર્થિક સહાય

## ગ્લોરી ઓફ ગુજરાત - ૨૦૧૭ , એવોર્ડ






**ઈન્ડિયન કાઉન્સીલ ઓફ સોસિયલ વેલફેર, ગુજરાત રાજ્ય**
**ગ્લોરી ઓફ ગુજરાત, એવોર્ડ**
**તા : ૨૯/૦૧/૨૦૧૮**
**સ્થળ : રાજભવન, ગાંધીનગર**

વર્ષો પછી સાચા અર્થમાં શિક્ષણ તરફ દોડી રહેલું યુવાધન પ્રગટીને પ્રકાશ ફેલાવવા સક્ષમ છે. પરંતુ આર્થિક મુશ્કેલીને કારણે તેઓ માત્ર ચિનગારીની રાહ જોઈ રહ્યા હોય છે. આવા તેજસ્વી તારલાઓને શિક્ષણ, સંસ્કાર, કેળવણી અને સુવિધાઓ મળી રહે તે માટે સંકલ્પબદ્ધ 'સરદાર કલ્પરથ' સંસ્થાની નોંધ લઈને ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીજી દ્વારા "ગ્લોરી ઓફ ગુજરાત" એવોર્ડથી સન્માનિત કરવામાં આવી.

"સંસ્થાનું કામ તો માત્ર સેતુરૂપ છે. સમાજના શ્રેષ્ઠીઓ પાસેથી લઇ જરૂરીયાતમંદ પરિવારો સુધી પહોંચાડવામાં સરદાર કલ્પરથ એક મધ્યસ્થીની ભૂમિકા અદા કરે છે."

---

સરદાર
કલ્પરથ


૨૦૬, શાંતિ આર્કેડ, જયમંગલ BRTS બસ સ્ટોપ સામે,
AEC ચાર રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ- ૩૮૦૦૬૩
મોબાઈલ : ૮૪૦૧૪ ૩૩૩૩૪
વેબસાઈટ : www.saradarkalprath.org
ઈમેઈલ : help@saradarkalprath.org | sardarkalprath206@gmail.com
facebook / sardar kalprath



Reg. No. F / 16470 / Ahmedabad / 9-8-2012 | 80G (5) of I.T. Act ,1961


XADAX.IN | 4/18

sardar kalprath

Photo

# વિદ્યાર્થી દત્તક યોજના

**એક દત્તક વિદ્યાર્થી દીઠ વાર્ષિક રકમ રૂ. : ૨૫,૦૦૦-૦૦**

તારીખ :____________________

દાતાશ્રીનું નામ :______________________________________________________

મોબાઈલ નં. ૧. :______________________________ ૨:______________________________

સરનામું (ઓ) :______________________________________________________

______________________________________________________

______________________________________________ પીનકોડ :____________________

સરનામું (ઘર) :______________________________________________________

______________________________________________________

______________________________________________ પીનકોડ :____________________

ઈ-મેલ :______________________________________________________

દત્તક વિદ્યાર્થીઓની સંખ્યા :____________________________ કેટલા વર્ષ માટે :____________________

કુલ રકમ રૂ. :______________________________________________________

ચેક / કેશ :______________________________________________________

દાતાશ્રીની ભલામણ કરનારનુ નામ :______________________________ મો :____________________

ચેક ‘ **સરદાર કલ્પરથ** ’ ના નામનો લખવો.

**સંસ્થાની બેંક વિગત :**

Central Bank of India

**A/C no. : 3216329542**

**IFSC : CBIN0280554**

સેન્ટ ઝેવીયર્સ સ્કુલ રોડ શાખા,અમદાવાદ- ૩૮૦૦૧૩

**આ સંસ્થા ઇન્કમટેક્ષની કલમ ૮૦(જી) હેઠળ રજીસ્ટર્ડ હોવાથી દાનની રકમના ૫૦% રકમ ઇન્કમટેક્ષ રાહત મળશે.**

**નોંધ : વિદ્યાર્થી દત્તક યોજનાની સમય મર્યાદા ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર સુધીની રહેશે.**

206, 2nd floor Shanti Arcade, Opp. Jay Mangal B.R.T.S. Bus Stop, AEC Over Bridge, Naranpura, Ahmedabad - 380063, Gujarat, India. M : **84014 33334**

**Reg. No. F / 16470 / Ahmedabad / 9-8-2012 | 80G (5) of I.T. Act ,1961**